માહિતી ખાતા દ્વારા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૧૩ -કાશિત

૨૬૦ પાનાંનો દળદાર વિશેષાંક વહેલા તે પહેલાના ધોરણે માત્ર રૂા. ૨૦માં મળી શકશે

ગાંધીનગર, તા. ૨૮

ધો.૧૦ અને ધો.૧૨ પછીના પરિણામો બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓને પોતાના બાળકો માટે કારકિર્દીનું કયું ક્ષેત્ર પસંદ કરવું તે મૂંઝવણનો વિષય થઇ પડે છે. વૈશ્વિક સ્તરે ઉજ્જવળ કારકિર્દીના અનેક ક્ષેત્રો છે. અદ્યતન ટેકનોલોજી અને વૈશ્વિક કક્ષાએ બદલાતા સમયના પરિ-ક્ષ્યમાં રોજગારીના નવા ક્ષેત્રો વિકસ્યા છે. આવા નિર્ણાયક તબક્કે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને ઉપયોગી માહિતીની જરૂરિયાત હોય તે સ્વાભાવિક છે. આવા સમયે વિદ્યાર્થીઓને તેમની મનગમતી ઉજ્જવળ કારકિર્દી ઘડવા માટે યોગ્ય વિકલ્પ પસંદ કરવા માટે રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા -કાશિત કરવામાં આવેલ ગુજરાત રોજગાર સમચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક ૨૦૧૩ તેમના માટે પથદર્શક બની રહેશે.

આજના આધુનિક યુગમાં રોજેરોજ નવા વ્યવસાયોની ઉપલબ્ધ થતી અઢળક તકોમાંથી યોગ્ય તક ઝડપવા યોગ્ય અભ્યાસની પસંદગી, વ્યકિતના

વિકાસના દ્વાર ખોલવામાં પાયાનું -દાન કરે છે. વાલીઓ અને વિદ્યાર્થી મિત્રો સમજદારીપૂર્વક ભાવિ કારકિર્દીની પસંદગી કરે એ વર્તમાન સમયમાં અતિ આવશ્યક છે. માહિતી વિભાગ દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ પછીના ૨૬૦ પાનાના દળદાર વિશેષાંક અનુભવી તજ્ઞ લેખકો દ્વારા તૈયાર કરાયેલ અદ્યતન માહિતી સાથે વૈવિધ્યસભર માર્ગદર્શન આપતા લેખો વિદ્યાર્થીઓ માટે ભાગ્યવિધાતા બની રહેશે. આ અંકમાં ધો.૧૦ અને ધો.૧૨ પછીના અભ્યાસક્રમો ઉપરાંત સ્નાતક, અનુસ્નાતક પછીના અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. માહિતી વિભાગ દ્વારા -કાશિત કરવામાં આવેલ આ ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક ૨૦૧૩ ની છૂટક વેચાણ કિંમત રૂપિયા ૨૦-૦૦ છે. આ અંક મેળવવા માટે??જિલ્લા માહિતી કચેરી, માહિતી ભવન, એમ.કે.સ્કુલની બાજુમાં, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ ખાતેથી જાહેર રજાઓના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન મળી શકશે તેમ નાયબ માહિતી નિયામક શ્રી એમ.એસ.સુવેરાએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

માણસાના ઈટાદરા ગામે યોજાયેલા કૃષિ મહોત્સવની મુલાકાત આસામના પ્રતિનિધિ મંડળે લીધી

માણસા, તા. ૨૮

માણસા તાલુકાના ઈટાદરા ગામ ખાતે આજરોજ કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ -સંગે ગુજરાતના કૃષિ મહોત્સવની માહિતી મેળવવા આવેલા આસામ રાજયના -તિનિધિ મંડળે ઈટાદરા ગામમાં યોજાયેલ કૃષિ મહોત્સવની મુલાકાત લીધી હતી. -તિનિધિશ્રીઓ અને ગ્રામજનોએ પોતાના વિચારની સીધી આપ-લે પણ કરી હતી. આસામ રાજયના -તિનિધિ મંડળના હસ્તે ગામના ત્રણ વ્યકિતઓને ટ્રેકટર સહાયના ચેક, ૧૩-કૃષિ અને પશુપાલન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ -સંગે ઉપસ્થિત આસામના ડેરી વિભાગના ડાયરેકટર શ્રી ડી.એહમદશાહ નવાઝએ જણાવ્યું હતું કે, હવેના સમયમાં દેશમાં દૂધમાંથી બનાવેલ વિવિધ ચીજ-વસ્તુઓની માંગમાં ઉત્તરોત્તર વધારો થઈ રહયો છે. ગુજરાતમાં સહકારી ક્ષેત્રે થકી ડેરી ઉદ્યોગનો વિકાસ ઘણો થયો છે. તેમણે ગુજરાતની જેમ આસામમાં પણ પશુપાલન વ્યવસાયનો વિકાસ થાય તે માટે આસામના પશુપાલકોને ગુજરાતના ગામડાઓમાં પશુપાલન કરતાં પશુપાલકો સાથે સીધી મુલાકાત કરાવવાનો પણ ઉમદા વિચાર રજૂ કર્યો હતો, ત્યારે ઉપસ્થિત પશુપાલકોએ તેમનો આ વિચાર વધાવી લીધો હતો. આસામના પશુપાલન વિભાગના ડાયરેકટર શ્રી ડી. તામુલીએ જણાવ્યું હતું કે, ગુજરાતના ગામડાઓનો વિકાસ છેલ્લા એક દાયકામાં સૌથી વદ્યુ થયો છે. આજે ગામડાઓ એકબીજા સાથે પાકા રસ્તાથી જોડાઈ ગયા છે. ૨૪ કલાક વીજળી પણ આજે ગુજરાતના ગામડાઓમાં વસતા નાગરિકો મેળવી શકે છે, તે દેશના કોઈ રાજયમાં હજુ શક્ય બન્યું નથી. દેશમાં કૃષિ ક્ષેત્રે પણ ગુજરાત રાજયે અકલ્પનીય વિકાસ કર્યો છે. કૃષિક્ષેત્રે વિકાસ થવા પાછળ રાજય સરકારે શરૂ કરેલ કૃષિ મહોત્સવની મહત્વની ભૂમિકા છે. કૃષિ મહોત્સવ થકી આજે ગુજરાતના છેવાડાના ગામડામાં બેઠેલ ખેડૂતને રાજયની કૃષિ સંલગ્ન યોજનાઓની માહિતી મળી રહે છે. તેમજ કૃષિ રથ સાથે જળ સંચય, હોર્ટિકલ્ચરલ, આરોગ્ય અને કૃષિ જેવી અનેક યોજનાઓને સાંકળી લેવામાં આવી છે. ઈટાદરા ખાતે યોજાયેલ કૃષિ મહોત્સવમાં દાંતીવાડા યુનિવર્સીટીના પશુપાલનના તજ્ઞ શ્રી ડી.-કાશ ચૌહાણ, વિજાપુર ઘંઉ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક શ્રી પી.આર.પટેલ, નાયબ જિલ્લા બાગાયત કચેરીના અધિકારી શ્રી વાય.બી. બિહોલાએ ખેડૂતોને ઉપયોગી થાય તેવી કૃષિ અને પશુપાલન અંગેની માહિતી આપી હતી.

આસામના -તિનિધિ મંડળના હસ્તે ઈટાદરા ગામના શ્રી જગદીશ પટેલ, શ્રી રામાજી વાઘેલા અને શ્રી અમૃતજી અતાજી ઠાકોરને ટ્રેકટર સહાયના ૪૫ હજાર રૂપિયાના ચેક અને કૃષિની ૫ તથા પશુપાલનની ૮ કિટ્સનું વિતરણ કરાવવામાં આવ્યું હતું. આ -સંગે માણસા તાલુકા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન શ્રી માદાભાઈ જે. પટેલ, તાલુકા પંચાયતના સદસ્ય શ્રી વિનુભાઈ કેશવલાલ પટેલ, તાલુકા ભાજપ -મુખ શ્રી મગનભાઈ ભોળાભાઈ પટેલ, ઈટાદરા ગામના મહિલા સરપંચ શ્રી પાર્વતીબેન ગોસ્વામી, મદદનીશ ખેતી નિયામક શ્રી કલ્પેશભાઈ દેસાઈ, હેલ્થ સુપવાઈઝર શ્રી જે.જે.ડોડિયા,ગામ સેવક શ્રી આર.એ.પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતાં.

સંચારી રોગચાળો અટકાયત સમિતિની બેઠક યોજાઈ

ઘન કચરા અને બાયો મેડીકલ વેસ્ટના નિકાલ માટે તાકીદ કરતા કલેક્ટર વોરા

પાટણ, તા. ૨૮

પાટણ જિલ્લામાં આરોગ્ય પરિસ્થિતિ જળવાઈ રહે, સંચારી રોગોને ફેલાતા અટકાવી શકાય એ માટે કાર્યરત સંચારી રોગચાળો અટકાયત સમિતિની બેઠક જિલ્લા કલેકટરશ્રી જે.બી વોરાની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી.

આ બેઠકનું સંચાલન કરતા અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ટી.કે.સોનીએ ઝાડા ઉલ્ટી, કમળો, કોલેરા, મેલેરીયા, ડેન્ગ્યુ ફીવર, ટાઈફોઈડ, તેમજ સ્વાઈન ફ્લુની સંચારી રોગચાળા અંગે જિલ્લાની પરિસ્થિતિ અંગે -કાશ પાડયો હતો. આ બેઠકમાં ઘન કચરો અને બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ કરવાની તાકીદ કરતાં જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરાએ જણાવ્યું હતું કે, પાટણ જિલ્લાના ગામડાઓ અને શહેરોમાં રોગનું -માણ ન વધે તે માટે સ્વચ્છતા જળવાઈ રહે તે માટે રસ્તાઓની સાફ સફાઈ કરવા, જંતુનાશક દવાઓનો છંટકાવ કરવા અને ગંદકી ન થાય તેવા -યાસો કરવા અધિકારીઓને તાકીદ કરી હતી. પાણી જન્ય રોગો અટકાવી શકાય તે માટે જિલ્લાના નગરપાલિકાના ચીફ ઓફીસરોને તથા પાણી પુરવઠા વિભાગને જયાં પીવાના પાણીની લાઈન લીકેજ હોય ત્યાં રીપેરીગ કરવા તેમજ પીવાના પાણીનું કલોરીનેશન નિયમિતપણે કરવાની કલેકટરશ્રી વોરાએ તાકીદ કરી હતી. ઉનાળાની સીઝન હોવાથી આઈસ ફેકટરીઓના પાણીના સેમ્પલ, બરફના ગોળા, શેરડીના કોલા, આઈસ કેન્ડી, ખાધ્ય પદાર્થોની પણ ચકાસણી થાય તે જોવા જણાવતાં વધુમાં સંચારી રોગ અટકાવવા માટે -જાજનોમાં જાગૃતિ આવે તે માટે આરોગ્ય શિક્ષણ કામગીરી માટે પ્લાનીગ તથા અમલીકરણ કરવા જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પંડયા, જિલ્લાના આરોગ્ય અધિકારીઓ, નગરપલિકાના ચીફ ઓફિસરો, તાલુકા હેલ્થ ઓફિસરો અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તાજપુર કુઈ રોડ પર પસાર થતા ભારે વાહનોના લીધે રાહદારીઓ પરેશાન

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના તાજપુર કુઈ અને બોભા સાદરા રોડ પર બેફામ દોડતા ટ્રકો-ડમ્પરમાંથી ઉડતી ધૂળની ડમરીઓથી રાહદારીઓ પરેશાન છે. ટ્રકો અને ડમ્પર ચાલકો દ્વારા આ રેતી કે માટી ભર્યા પછી ચાદરો કે પ્લાસ્ટીક લગાવતા નથી. સિંગલ વે રસ્તો હોવાથી નાના ચાલકોમાં અકસ્માતનો ડર રહે છે.

નેશનલ હાઈવે-૮ ઉપર આવેલ તાજપુર કુઈથી બોરીયા, બોભા સાદરા રોડ પર ભારે વાહનોનો ઘસારો જોવા મળે છે. આ ભારે વાહનોમાં ઓવરલોડ રેતી તથા માટી ભરીને રોડ ઉપરથી પસાર થાય છે. આ ભારે વાહનો બે ફામ જતા હોય છે. લોડિંગ હોવાના કારણે તેમાંથી રેતી અને માટીની ડમરી ઉડતી હોય છે. પાછળ આવતા નાના વાહનચાલકો તથા રાહદારીઓ ઉડતી આ ડમરીઓથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સીંગલ રોડ પર ભારે વાહનોના ઘસારાથી ટુવ્હીલર્સ, નાના વાહન ચાલકો ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. તેમાં અકસ્માત થવાનો પણ ભય રહે છે. અનેકવાર રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી હાથ ધરાયેલ નથી. તેથી તંત્ર ત્વરિત કોઈ માર્ગ શોધી તેવી પંથકના લોકોની માંગણી છે.

આત્મા પ્રોજેકટ દ્વારા પ્રાંતિજ તાલુકાના ખેડૂતોને સન્માનિત કરાયા

તાલુકાના ખેડુતોમાં હર્ષની લાગણી ફેલાઈ

પ્રાંતિજ, તા.૨૮

સાબરકાંઠા જિલ્લામાં ચાલતા આત્મા પ્રોજેકટ અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩ના પ્રાંતિજ તાલુકામાં તાજેતરમાં પ્રગતિશીલ ખેડૂતોને પ્રોત્સાહન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત અનુસાર પ્રાંતિજ તાલુકામાં આવેલ તાજપુર, મહાદેવપુરા, ધડકન, તખતલ એમ મળી કુલ ચાર ગામના ખેડૂતોને પશુપાલન, ગ્રીનહાઉસ, કારેલી માડવા, તડબુચની જુદી જુદી ખેતી અને ખેતી સાથે સંકળાયેલ વ્યવસાયની જુદી જુદી રીતે પસંદગી કરીને અલગ અલગ રકમના ચેક આપી પ્રોત્સાહિત તેમજ સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં દશરથભાઈ પટેલને પશુપાલનમાં રૂ. ૧૦,૦૦૦નો ચેક, પટેલ નવનીતભાઈને ગ્રીન હાઉસમાં રૂપિયા ૨૫,૦૦૦નો ચેક, પટેલ પશાભાઈને કારેલીના માંડવા માટે જયારે અલ્પેશભાઈ પટેલને તડબુચ માટે ચેક આપવમાં આવ્યા હતા. આ ઉપરાંત દશરથભાઈ પટેલ પોતના ફાર્મમાં ૧૦૦ જેટલી ગાયોનો તબેલો ઉભો કરી ખેતીના વ્યવસાયને પણ બાજુએ મુકે તેવી કમાણી કરી રહ્યા છે. તેઓએ ખેતી કરતા લોકોને પૂરક વ્યવસાય તરીકે પશુપાલનમાં જોડાવવા માટે અપીલ કરી હતી. તાલુકા પ્રોજેકટ નરેન્દ્રભાઈ પટેલ દ્વારા નામચીન ખેડુતોને એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેના કારણે તાલુકાના ખેડુતોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી.

કૃષિ મહોત્સવ અંતર્ગત

ચંદ્રુમાણા ખાતે કિસાન શિબિર અને પશુ સારવાર યજ્ઞ યોજાયો

પાટણ, તા. ૨૮

પાટણ જિલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૩ને સારો -તિસાદ સાંપડી રહયો છે. કૃષિ મહોત્સવના ભાગરૂપે પાટણ તાલુકાના ચંદ્રુમાણા ગામે કિસાન શિબિર અને પશુ સારવાર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ચંદ્રુમાણા ઉપરાંત કુણઘેર અને અન્ય ગામોના લાભાર્થી ખેડૂતોને કૃષિ અને પશુપાલન કીટસ આપવામાં આવી હતી. કૃષિ વૈજ્ઞાનિકશ્રી અનિલભાઈ અમીનને -સંગિક ઉદ્દેબોધન કરી અત્યાધુનિક ખેતી પધ્ધતિઓ, સુધારેલા બિયારણો, રાસાયણિક દવાનો ઉપયોગ, ખાતરનો વિનીયોગ અને સુક્ષ્મ પિયત પધ્ધતિના ઉપાયો અંગે ખેડુતોને માર્ગદર્શન આપ્યું હતું.

વિસ્તરણ અધિકારીશ્રી નવીનભાઈ પટેલે ખેતીવાડી ખાતાની ખેડૂતલક્ષી યોજનાઓની માહિતી આપી હતી.

સહાયક માહિતી નિયામકશ્રી ભરતભાઈ રાવલે નવ વર્ષથી યોજાતા કૃષિ મહોત્સવ કાર્યક્રમને કારણે ગુજરાતમાં બીજી હરિયાળી અને શ્વેત ક્રાંતિનું નિર્માણ થયું છે તેમ જણાવ્યું હતું. ડી. -જાપતિએ પશુ સારવાર, પશુ સંવર્ધન વગેરે બાબતોને લગતી માહિતી આપી હતી. કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી બાબુભાઈ ચાવડા, ડેલીકેટશ્રી ખેંગારભાઈ ચાવડા, તાલુકા સંગઠનના મહામંત્રીશ્રી વિરેશ વ્યાસ, મુખ્ય સેવિકા વર્ષાબેન હડિયોલ સહિત તલાટીશ્રી, આંગણવાડી કાર્યકરો, ગ્રામસેવક અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

ભરતભાઈ વ્યાસે આભારવિધિ કરી હતી. માર્ક.ટયાર્ડ, પાટણના ઉપક્રમે ખેડૂતોને સાહિત્ય અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. શ્રી મોરારભાઈ પટેલે કાર્યક્રમનું સંકલન કર્યું હતું.

ધનસુરામાં વારંવાર વિજળી ડુલ થવાના કારણે લોકો હેરાન-પરેશાન

ધનસુરા, તા.૨૮

ધનસુરા તાલુકામાં છેલ્લા કેટલાક દિવસથી વિદ્યુત બોર્ડ દ્વારા વારંવાર વિજ ટ્રેજીંગ થતાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ઉનાળાની આગ ઝરતી ગરમીમાં કલાકો સુધી લાઈટ બંધ રહેતા ગરમીમાં શેકાતાં ધનસુરાવાસીઓ વીજ ધાંધીયાના કારણે હેરાન થઈ ગયા છે. વારંવાર વિજળી ડુલ થવાના કારણે તંત્રના અધિકારીઓને લોકોએ જાણ કરતાં તેમના તુમાખીભર્યો જવાબ સાંભળી લોકો અચંબામાં પડી ગયા હતા અને અધિકારી સામે રોષ પ્રવર્ત્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. લોકો ગરમીથી બચવા માટે ઘરમાં એ.સી. પંખા, કુલરનો સહારો લંઈ ઠંડક મેળવી રહ્યા છે ત્યારે ધનસુરામાં વિદ્યુત બોર્ડના ગેર વહીવટના કારણે વારંવાર વીજ ટ્રેજીંગ થાય છે. ગરમીમાં વીજળી ડુલ થતાં લોકો ગરમીમાં કંટાળી ગયા છે. વીજ ધાંધિયાના કારણે હેરાન-પરેશાન લોકોએ ડેપ્યુટી એન્જીનીયર સાથે વાત કરતાં તેમણે ઉધ્ધતાઈથી આવું તો ચાલ્યા કરે તેવો જવાબ આપ્યો હતો. લોકોનું કહેવું છે કે, ગ્રાહકોની ફરિયાદને ધ્યાનમાં લેવાતી નથી. વારંવાર લાઈટ જવાના કારણે જીઈબીમાં ફોન કરવામાં આવે તો કોઈ ફોન ઉપાડતું નથી. ગરમી અને ઉકળાટના કારણે દર્દીઓ પણ હેરાન થઈ જાય છે. પાણીનો પ્રશ્ન પણ વિકટ બને છે. વીજ ધાંધિયાના કારણે અનેક લોકોને વેપાર ધંધામાં માઠી અસર પહોંચે છે. જ્યારે તુમાખીભર્યા નવા ડેપ્યુટી એન્જીનયીર સામે લોકોમાં રોષ પ્રવર્ત્યો છે.

ખેડબ્રહ્માની સગીરાને ભગાડી જતાં ફરિયાદ

ખેડબ્રહ્મા, તા.૨૮

ખેડબ્રહ્મા શહેરની એક સગીરાને દેલવાડા ગામનો યુવક લગ્નની લાલચ આપી ભગાડી ગયો છે. બનાવ સંદર્ભે સગીરાના પિતાએ ખેડબ્રહ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વડાલી તાલુકાના દેલવાડા ગામનો યુવક ગૌરવકુમાર વિનુભાઈ જોષી ગત ગુરૂવારના રોજ ખેડબ્રહ્માથી સગીરાને લગ્નની લાલચ આપી ફોસલાવી ભગાડી ગયો છે. સગીરાના પરિવારે વિવિધ જગ્યાએ શોધખોળ કરી છતાં તેણીનો પત્તો ન લાગતાં સગીરાના પિતાએ દેલવાડાના ગૌરવ જોષી વિરુધ્ધ ખેડબ્રહ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ સી.પી.આઈ. એન.કે. કુંપાવત ચલાવી રહ્યા છે.

સાંપડ ગામે જમીનની બાબતે મારામારી થતાં પોલીસ ફરિયાદ

ખેડૂતને મૂઢ મારી મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી

પ્રાંતિજ, તા.૨૮

પ્રાતિજ તાલુકાના સાંપડ ગામે જમીનની તકરારમાં કેટલાક ઈસમોએ ખેડુત તેમજ અન્ય વ્યકિતઓને ગડદાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ખેડુતો પ્રાંતિજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ સાંપડ ગામમાં આવેલ ધાર્મિક સ્થળ નજીક બબાભાઈ મોતીભાઈનું ખેતર આવેલું છે. તેમણે પોતાના ખેતરમાં વાવેતર પણ કરેલું છે. ખેડુત બબાભાઈના ખેતરમાં જે.સી.બી. મશીન દ્વારા ગામના જયંતિભાઈ લાલાભાઈ પટેલ અને તેમનો ભાણેજ પ્રફુલભાઈ નુકશાન કરી રહ્યા હતા તે અંગે બબાભાઈએ આ ઈસમોને નુકશાન કેમ કરી રહ્યા છો તેમ કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને બંનેએ ભેગા મળી ખેડુતને મૂઢ મારી મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બબાભાઈએ બનાવ અંગે પ્રાંતિજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તુરી-બારોટ કલાકારોની સંસ્થા/મંડળીને જુના નાટકો કરવા માટે આર્થિક સહાય

ગાંધીનગર, તા. ૨૮

રાજય સરકાર દ્વારા તુરી-બારોટ કલાકારોની સંસ્થા/મંડળીને જુના નાટકો કરવા માટે આર્થીક સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ ગુજરાત રાજયમાં રહેતા તુરી-બારોટ કલાકારોની ઓછામાં ઓછી પાંચ વર્ષથી કાર્યરત સંસ્થા/મંડળીને જુના નાટકો કરવા માટે રૂ. ૨૫,૦૦૦/-ની આર્થિક સહાય તથા વધુમાં વધુ પાંચ શો માટે શો દીઠ રૂ. ૧૫,૦૦૦/- મળી કુલ રૂ. ૧ લાખની સહાય આપવામાં આવશે. નાટકમાં કામ કરતા કલાકારો તુરી-બારોટ સમાજના હોવા જરૂરી છે, તેમજ નાટક અથવા જુના વેશ-પરંપરાગત હોવા આવશ્યક છે.

આ યોજનામાં રસ ધરાવતી સંસ્થા/મંડળીઓ પાસેથી અરજી ફોર્મ તા. ૧૦/૦૬/૨૦૧૩ સુધીમાં ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ફોન નંબર ૨૩૨૫૧૬૯૩ ખાતેથી મેળવી તા. ૨૦/૦૬/૨૦૧૩ સુધીમાં મોકલી આપવા સચિવશ્રી, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ખેડબ્રહ્મામાંથી એક યુવાનનો મૃતદેહ મળ્યો

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્માની પટેલ સોસાયટી પાસેથી એક યુવાનનો મૃતદેહ મળ્યો હતો. આ વાત સમગ્ર શહેરમાં આગની જેમ ફેલાઈ હતી. પોલીસ દ્વારા આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્માની પટેલ સોસાયટી પાસે એક યુવાનનો મૃતદેહ પડ્યો છે. દિપકભાઈ બાબુભાઈ દંતાણીએ આ ખબર પોલીસને આપી હતી. ત્યારબાદ પોલીસ ઘટના સ્થળે આવી હતી અને મૃતકની ઓળખવિધિ કરતા આ મૃતદેહ રમેશભાઈ નેનાભાઈ વાઘેલા(ઉં.વ.૪૦)નો હોવાનું જાણવા મળ્યું હતું. તેથી પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮